©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JUNE 18, 2026 / JYAISTHA 28, 1948** **[No. 25**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1523-1584	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	49
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	25	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	603-653

પોલીસ કમિશનર દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૦૩, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન -૩/૩૭૫૯/૨૦૨૫ તા.૨૦/૧૧/૨૦૨૫ તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૦૪, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન -૪/આરબી/૭૧૯૨/૨૦૨૫ તા.૨૦/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે.

ક્રમાંકઃવિ.શા/એ-સેકશન/પરમીટ/હથિયાર બંધી-જાહેરનામું/૧૩૫/૨૦૨૫.– અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/છરી/ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સામાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ

ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે. લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેરા જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું જી મલિક.એસ.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારોમાં તા.૨૩/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈ પણ જાતના ચપ્પુ જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા ફેલાવો કરવાની અથવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

<u>આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિં.</u>

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધ હથિયાર જેવા કે સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફ્લાય ઝોન/૧૩૬/૨૦૨૫-માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૦૪/૧૨/૨૦૨૫ થી તા.૦૭/૧૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાંવપરાતાઉપકરણો(SUB-CONVENTIONALAERIALPLATFORM)નાગેરલાભલઈમહાનુભાવશ્રીનાઓનીતેમજજાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ(POWEREDAIRCRAFT)તેમજમાનવસંચાલિતમાઈક્રોલાઈટએરક્રાફ્ટ(MICROLIGHTAIRCRAFT),હેંગગ્લાઈડર/ પેરાગ્લાઈડર(HANGGLIDER/PARAGLIDER),પેરામોટર(PARAMOTOR),તેમજહોટએરબલુન(HOTAIRBALLOONS)તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઇ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૦૪/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭/૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા-૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા-૨૪/૦૧/૨૦૨૨

(૩) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા-૧૦/૦૮/૨૦૨૨

(૪) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસ.વી.૫ /સ્વામિત્વ/યુના માર્કિંગ/ ગાઇડલાઇન/૨૦૨૨ તા.૨૮/૦૧/૨૦૨૨

(૫) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફ્તર, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક:-સ્વામિત્વ યોજના/૧૨૬/જાહેરનામું /સાઢલી/ જેતપુર પાવી /૨૦૨૫, તા-૨૭/૧૧/૨૦૨૫

જાહેરનામું:-

નં.સ્વા.યોજના/સાઢલી/જેતપુર પાવી/૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોનટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ - SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ તથા ૩ ના ઠરાવથી જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ -૯૫ અને ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણ-૪ થી સ્વામિત્વ યોજના હેઠળ યુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેસાઢલી તાલુકો- જેતપુર પાવી જિલ્લો છોટાઉદેપુરમાં સિટી સર્વે વિસ્તાર નક્કી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રીની કચેરી, છોટાઉદેપુર દ્વારા તૈયાર કરી વંચાણ-૫થી અત્રેને રજુ કરેલ છે. સદરહુ દરખાસ્ત અન્વયે ગામની માપણી તથા હક્કચોક્સી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ હું, મુસ્કાન ડાગર, સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી, છોટાઉદેપુર તે મોજે: સાઢલી, તાલુકો-જેતપુર પાવી, જિલ્લો:છોટાઉદેપુર ના આ સાથેના પત્રક-ક માં (સ.નં.૩૬૫) જણાવ્યા મુજબના સરવે નંબર/સરકારી પડતર/ગામતળને સિટી સર્વે વિસ્તારમાં સમાવેશ કરવા આથી જાહેર કરું છું.

છોટાઉદેપુર તા.૦૧/૧૨/૨૦૨૫.

વિષય : ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૩૭(૧) અન્વયે તા.૦૩/૧૨/૨૦૨૫ થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામું રદ કરવા બાબત.

વંચાણે લીધા:-

(૧) અત્રેની કચેરીના ક્રમાંક: વિ.શાળએ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું /૧૩૭/૨૦૨૫ તા.૦૩/૧૨/૨૦૨૫

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ R/Special Criminal Application (direction) No.10872 of 2019 અન્વયે.

ક્રમાંક: વિ શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી જાહેરનામું રદ/૧૩૭ (૧)/૨૦૨૫.-અત્રેની કચેરીએ થી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં હથિયારબંધી માટેનું જાહેરનામું તા.૦૩/૧૨/૨૦૨૫ થી ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું /૧૩૭/૨૦૨૫ જે તા.૦૮/૧૨/૨૦૨૫ ના કલાક 00/00 થી તા.૨૨/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી બહાર પાડવામાં આવેલ હતું જે નામદાર ગુજરાત હાઈકોર્ટના R/Special Criminal Application No.10872 of 2019 ના તા. ૦૪/૧૨/૨૦૨૫ ની સુચનાઓ ધ્યાને લઈ આ જાહેરનામું રદ કરવામાં આવે છે. જેની તમામે નોંધ લેવી. તા.૦૫/૧૨/૨૦૨૫

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક /ટ્રાફિક/૪૧/૨૦૨૫, તા.૨૯/૧૧/૨૦૨૫.-

હું, શરદ સિંઘલ, IPS, I/C પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરમાં Adani Ahnedabad Marathon-2025' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે હુકમ કરૂ છું.

હુકમ

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગરૂકતા લાવવા Adani Ahmedabad Marathon-2025' નું સાબરમતી રિવરફ્રન્ટ (પુર્વ તેમજ પશ્ચિમ) ના માર્ગ પર તથા વાડજ સ્મશાન ગૃહ કટ થઈ કાર્ગો મોટર્સ ત્રણ રસ્તાથી નવા ટીપી રોડ રાણીપ ડી-માર્ટ ચાર રસ્તાથી પ્રબોધરાવળ સર્કલથી જમણી બાજુવાળી સુભાષબ્રિજ સર્કલ થઈ શિલાલેખ ચાર રસ્તા સુધીના રોડ પર આયોજન કરવામાં આવનાર હોય જે મેરેથોન દોડ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગાત
૧	વાડજ સ્મશાનગૃહ કટ થી પશ્ચિમનો રીવરફ્રન્ટ રોડ આંબેડકર બ્રિજથી જમણી બાજુવળી અંજલી ચાર રસ્તા તથા ગુજસેલ હેલીપેડ રીવરફ્રન્ટ વર્ષા ફલેટ સામે કટથી કામેશ્વર ટીંન્સ બંગ-લોઝ ચાર રસ્તાથી આંબેડકર બ્રીજ ગરનાળાથી આંબેડકર બ્રિજ નીચે રીવરફ્રન્ટ રોડ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	વાડજ સ્મશાનગૃહ કટ થઈ વાડજ સર્કલ થઈ ઉસ્માનપુરા ચાર થઈ ઈન્કમટેક્ષ ઓવરબ્રિજ મધ્યભાગ થઈ બુટ્ટાસિંગ મહાદેવ ચાર રસ્તા થઈ ડીલાઈટ ચાર રસ્તા થઈ ટાઉનહોલ ચાર રસ્તા થઈ અંજલી ઓવરબ્રિજ થઈ મહાલક્ષ્મી ચાર રસ્તા થઈ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.
૨	વાડજ સ્મશાનગૃહ કટ થી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તાથી નવા ટીપી રોડ થઈ રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા સુધીનો માર્ગો વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	વાડજ સ્મશાનગૃહ કટ થી વાડજ સર્કલ થઈ પલક ચાર રસ્તા થઈ પ્રબોધરાવળ સર્કલ તરફ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.
૩	રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા થી પ્રબોધરાવળ સર્કલ થી જમણી બાજુવળી સુભાષબ્રિજ સર્કલ થઈ શિલાલેખ ચાર રસ્તા સુધીનો જમણી બાજુનો રોડ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	રાણીપ ડી-માર્ટ ચાર રસ્તા થી પ્રબોધરાવળ સર્કલ થી જમણી બાજુવળી સુભાષબ્રિજ સર્કલ થઈ શિલાલેખ ચાર રસ્તા સુધીનો ડાબી બાજુના રોડ ઉપર વાહનોની અવર જવર કરી રહેશે.
૪	શિલાલેખ ચાર રસ્તાથી પિકનીક હાઉસ રીવરફ્રન્ટ ટી થી પુર્વના રોડ થઈ ડફનાળા ચાર રસ્તા તથા ડફનાળા ચાર રસ્તાથી પુર્વના રીવરફ્રન્ટ રોડ થઈ	(એ) શિલાલેખ ચાર રસ્તા થી શાહિબાગ અંડરપાસ થઈ નાગપાલ દવાખાના થઈ ડફનાળા ચાર રસ્તા તરફ વાહનોની અવર જવર કરી રહેશે.
૫	આંબેડકરબ્રિજ નીચે થઈ ધોબીઘાટ પુર્વના રીવરફ્રન્ટ રોડ સુધી-નો માર્ગ વાહનોની અવર જવર બંધ રહેશે.	(બી) શિલાલેખ ચાર રસ્તા થી શાહિબાગ અંડરપાસ સર્કલ થઈ નમસ્તે સર્કલ થઈ દિલ્હી દરવાજા થઈ મિરઝાપુર કોર્ટ રોડ થઈ વિજળી ઘર થઈ વિકટોરીયા ગાર્ડન ત્રણ રસ્તા થઈ ખમાસા ચાર રસ્તા થઈ દાણીલીમડા ચાર રસ્તા થઈ ખોડીયારનગર ચાર રસ્તા તથા નારોલ તરફ વાહનોની અવર જવર કરી રહેશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર જવર કરનારને આ જાહેરનામું લાગુ પડશે નહી.

જાહેરનામાની અમલવારીની વિગત

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૩૦/૧૧/૨૦૨૫ ના કલાક ૩.૩૦ થી ૧૨.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્રરેટમાં ફરજ બજાવતાં ખાસ /સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૯/૧૧/૨૦૨૫ એ મેં મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપેલ છે.

શરદ સિંઘલ
i/c પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) બી મુજબનું.

ક્રમાંકઃટફક/માલ વાહક ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/૧૨૦૮૦/૨૦૨૫.– સુરત શહેરમાં આવેલ લસકાણા, સરથાણા, જેવા આઉટરમાં સુરત ગ્રામ્યમાં આવેલ એન્થમ સર્કલ વાળા રોડ ઉપર મોટા પ્રમાણમાં પાર્ટી પ્લોટ આવેલા હોય, અને હાલ લગ્ન પ્રસંગનો સમયગાળો ચાલી રહેલ હોય, જેના કારણે લોકો પોતાના પ્રસંગો સારી રીતે ઉજવી શકે. અને કોઈ મોટા અકસ્માત નથાય તેમજ ટ્રાફિકનું નિયમન સરળ, સુચારૂ અને સલામત રીતે થાય તે હેતુસર, જાહેર જનતાના હિતાર્થે માલ વાહકભારે વાહનોનાં સુરત શહેરમાં પ્રવેશ તથા હેરફેર /અવર જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગેની હંગામી જાહેરનામું નીચે જણાવ્યા મુજબ અમલમાં મુકવાનું નક્કી કરવામાં આવેલ છે.

હુકમ

વાસ્તે હું અનુંપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે,

(૧) પોલીસ કમિશનરની કચેરી સુરત શહેર ના ક્રમાંક : ટફક/માલ વાહક ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/૭૩૩/૨૦૧૯ થી બહાર પાડવામાં આવેલ કાયમી જાહેરનામું સમગ્ર સુરત શહેરમાં અમલમાં રહેશે.

(૨) તદ્દ ઉપરાંત જાહેરનામું પ્રસિદ્ધ થયેલ તારિખથી આગામી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી નીચે જણાવેલ રૂટ ઉપર સાંજના ક.૧૭/૦૦ થી ક.૨૪/૦૦બ વાગ્યા સુધી માલ વાહક ભારે વાહનોનાં સુરત શહેરમાં પ્રવેશ તથા હેરફેર/ અવર-જવર અને જાહેર રસ્તા પર પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે

(A) સુરત ગ્રમ્ય વિસ્તારમાંથી મોટા વરાછા થઈ સુરત શહેરમાં પ્રવેશ કરતા ભારે માલવાહક વાહનો મોટા વરાછા દુખીયાના દરબાર થી સુરત શહેરમાં અંદરના ભાગમાં પ્રવેશ કરી શકશે નહી.

(B) કામરેજ ચાર રસ્તા તરફથી સુરત શહેરમાં પ્રવેશ કરતા ભારે માલવાહક વાહનો પાટીયા થી સુરત શહેરમાં અંદરના ભાગમાં પ્રવેશ કરી શકશે નહી.

(C) કામરેજ ઉભેળ થી નહેર નહેર ઉપરથી સુરત શહેરમાં પ્રવેશ કરતા ભારે માલવાહક વાહનો એન્થમ સર્કલથી સુરત શહેરમાં અંદરના ભાગમાં પ્રવેશ કરી શકશે નહી.

અપવાદ

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMC ના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) -૨૦૨૩ ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ પ્રસિદ્ધ થયે તારીખ થી તા.૦૬/૧૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ

અત્રેની કચેરીના નં.ડીસી/એમ.એજી/મકરસંક્રાંતિ/જાહેરનામું/એસ.આર૨૦૦/૨૦૨૫, તા.૧૩/૧૧/૨૦૨૫

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩(૧૯૭૧ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનો

નં.ડી.સી/એમએજી/મકરસંક્રાંતિ/સુધારા જાહેરનામું મુઃએસ.આર.૨૦૭/૨૦૨૫.- આમુખ-(૧) માં વંચાણે લીધેલ જાહેરનામાંથી મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અંગેનુ જાહેરનામું અમલમાં છે. જેમાં આંશિક સુધારો કરવાની જરૂરીયાત જણાતી હોય, સુધારા જાહેરનામાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાર્ગો / રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યક્તિઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડતા હોય છે. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. કેટલાક લોકો જાહેર માર્ગો ઉપર પતંગ ઉડાડતા હોય છે. તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ વાંસના બંબુઓ, લાંબી વાસની પટટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફીક અવરોધ કરતા હોય છે. તેમજ રસ્તા ઉપર ગલીઓમાં ટેલીફોન / ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/

ઈલેક્ટ્રીકના બે તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કીટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જવાના ગંભીર બનાવ બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ઘાસચારાનું વેચાણ થતું હોય છે. અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાખતા હોય છે, જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. ઘણા લોકો પતંગ ઉડાડવા માટે માંઝા, કે જે નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડિગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાના ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યક્તિને શરીરના કોઈ ભાગ ઉપર ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરિક ગંભીર ઈજાઓ થવાના અને ક્યારેક અંગો કપાઈ જવાના તેમજ કેટલાક સજોગોમાં ઈજાગ્રસ્ત વ્યક્તિનું મોત નિપજ્યા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. આ પર્વ નિમિત્તે અમદાવાદ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખુબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે.

જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સંપૂર્ણ પાલન થાય, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશોને આધિન ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નનાં ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર તથા નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટીંગ, ગ્લાસ કોટેડ થ્રેડ કરેલ હોય અને નોન બાયો ડિગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે ગુજરાત પોલીસ અધિનયમ ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ ૩૩(૧) (ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મને મળેલ સત્તા હેઠળ પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય, જેથી નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ તથા ૩૭ હેઠળ તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના પોલીસ કમીશનરથી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના વિસ્તાર માટે નીચે દર્શાવેલ કૃત્યો ઉપર નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો-

(૧) કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર

(૪) ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાની શોર્ટ સર્કિટના કારણે તાર તૂટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતાં હોય છે, જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર

(૬) જાહેર માર્ગો ઉપર કોઈપણ વ્યક્તિઓ દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/ પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર

(૭) પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિક મટીરીયલ, કાચ પાવડર તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર.

(૮) ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર.

(૯) સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મણના ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહીં તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(૧૦) ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય, અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

(૧૧) નામદાર સુપ્રીમકોર્ટ / હાઈકોર્ટ તથા NGT ની સુચનાઓ અન્વયે ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન, ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન, સિન્થેટીક/ કાચ પાયેલા માંઝા, પ્લાસ્ટીક દોરી વિગેરે પર પ્રતિબંધ રહેશે. આ અંગે ગૃહ ના પત્ર ક્રમાંક: ગૃહ-વિભાગના તા.૦૬/૦૧/૨૦૨૨ ૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/ હા.કો.૦૨ (પા.ફા), અને તા. ૧૭/૦૯/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 થી અપાયેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.

(૧૨) "પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનુ કોટિંગ કરેલ ઓછો તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે."

-:: વિસ્તાર ::-

પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો વિસ્તાર

-:: અમલવારીનો સમય ::-

આ જાહેરનામું તા. ૨૫/૧૧/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી ૧૬/૦૧/૨૦૨૬ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ કર્મચારી /અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૬૩ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./PROHIBETED PLACE /૧૯૮૧/૨૦૨૪

(૨) CISF UNIT SAC/PRL Ahmedabad dt. 05/08/2025 letter no. IC-1019/CISF/CIW/SAC(A)/2025-1963

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફલાય ઝોન/એસ.આર.૨૦૮ /૨૦૨૫.-આમુખ- (૧)ના પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૫/૨૦૨૪ ના પત્રથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડી.પી.એસ.સ્કુલ પાસે આવેલ ઈસરો સંચાલિત "SAC Technical Campus-Bopal" અને "SAC New Campus, Bopal" બન્નેસ્થળોને "પ્રતિબંધિત વિસ્તાર" અને "નો ડ્રોન ઝોન" જાહેર કરવા માટેની દરખાસ્ત મોકલી આપેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના બોપલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડી.પી.એસ.સ્કુલ પાસે આવેલ ઈસરો સંચાલિત "SAC Technical Campus-Bopal" બંને "SAC New Campus, Bopal" બંને સ્થળોએ "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરુ છું, જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડકોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવસંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગગ્લાઈડર/પેરાગ્લાઈડર (HANGGLIDER/PARAGLIDER), પેરામોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરાજમ્પીંગ (PARAJUMPING) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

બોપલ પોલીસસ્ટેશન વિસ્તારમાં ડી.પી.એસ.સ્કુલ પાસે આવેલ ઇસરો સંચાલિત "SAC Technical Campus-Bopal" અને "SAC New Campus, Bopal" બંને સ્થળો તથા તેની ચારેય બાજુના ૫૦૦ મીટરનો વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામું તા. ૩૦/૧૧/૨૦૨૫ ના સવારના ૦૦:૦૦ કલાક થી તા. ૨૯/૦૧/૨૦૨૬ ના રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજરોજ તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ /એસ.આર.૨૦૯ -આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાણવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ. અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૩/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:--

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:-

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત કરી તે અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને અથવા આકાશવાણી દૂરદર્શન કેન્દ્ર ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધિ કરવી અને ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૩/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૦૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો હુકમ

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.- ૨૧૦/૨૦૨૫.-આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઈ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવી કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૩/૧૨/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણ :-

૧. મુખ્ય અધિકારીશ્રી, સાણંદ નગરપાલિકા નો તા. ૧૯/૦૮/૨૦૨૫ નો પત્ર No. SNANP/0090/08/2025

૨. પોલીસ સબ ઇન્સ્પેકટર, એલ.આઈ.બી. અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૦૪/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક એલ.આઈ.બી/ભારે વાહન /૭૨૪૯/૨૦૨૫.-

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો

નં.ડીસી/એમએજી/સાણંદ ભવાનીનગર/જાહેરનામું/એસ.આર.નં.૨૧૧/૨૦૨૫.- આમુખ-૧ થી સાણંદ નગરપાલિકા દ્વારા સાણંદ નગરપાલિકા વિસ્તારમાંથી ગોતા ગોધાવી કેનાલ પસાર થાય છે જે તે સમયે પંચાયત/સિચાઈ વિભાગ દ્વારા આ રસ્તે MINOR BRIDGE (BOX CULVERT) બનાવેલ હતો. જે ઘણા વર્ષો જુનો અને જર્જરિત હાલતમાં છે. વધુમાં ભવાનીનગર અને લાયપુરા ગામ, ગામતળ વિસ્તારમાં જવાનો રસ્તો હોઈ અને આ MINOR BRIDGE હાલ જર્જરિત હાલતમાં હોઈ અકસ્માત થવાની સંભવાના રહે છે. BOX CULVERT ઉપરથી ભારે વાહનો ની અવરજવર પર પ્રતિબંધ મુકવા દરખાસ્ત કરેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા સાણંદ ભવાનીનગર MINOR BRIDGE (BOX CULVERT) જૂનો અને જર્જરીત હોવાથી ભારે વાહન પર પ્રતિબંધ અનુસંધાને અભિપ્રાય આપતા જણાવેલ છે. સદર રોડ/રસ્તેથી ભવાનીનગર અને લાયપુરા જેવા ગામતળ વિસ્તારમાં જવાનો રસ્તો છે અને આ બ્રિજ હાલ જર્જરીત હાલતમાં છે. જેથી અકસ્માત થવાની સંભાવના રહેલ છે. તેમજ સદર રોડ/ રસ્તા પર ભારે મોટા વાહનો ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તો બીજો કોઈ વૈકલ્પીક રસ્તો આવેલ નથી, પરંતુ સદર રોડ/રસ્તા ઉપરથી ભારે વાહનો મહદઅંશે પસાર થાય છે. જેથી સદર રોડ/૨૨સ્તા પરથી ટુ વ્હિલર, ફોર વ્હિલર સિવાયનાં તમામ મોટા, ભારે વાહનો પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય આપેલ છે.

જેથી સાણંદ નગરપાલિકા વિસ્તારમાંથી સાણંદ ભવાનીનગર, લાયપુરા જવાના રસ્તે (પંચાયત/લાયપુર જવાના રસ્તે સિંચાઈ વિભાગ દ્વારા બનાવાયેલ MINOR BRIDGE (BOX CULVERT)) પર અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ સાણંદ ભવાનીનગર, લાયપુર જવાના રસ્તે મોટા, ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જાહેરનામું બહાર પાડી હુકમ કરી ફરમાવું છુ.

-:જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો:-

આ હુકમ તા. ૦૩/૧૨/૨૦૨૫ થી તા. ૦૧/૦૨/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસો માટે અમલમાં રહેશે.

-:જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ:-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું :-

(૧) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૧૨/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૫૦૮૯/૨૦૨૫

(૨) પોલીસ સબ ઈન્સ્પેકટર, એલ.આઈ.બી. અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદનો તા.૩૧/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૫૪૨૭/૨૦૨૫

(૩) નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાણંદ, તા.સાણંદ, જિ.અમદાવાદનો તા.૦૮/૧૧/૨૦૨૫નો પત્ર નં. MAG/દરખાસ્ત/જાહેરનામું/સાણંદ/વશી. ૨૧૬/૨૦૨૫

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/સાણંદ ટાઉન /ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/એસ.આર.નં.૨૦૩/૨૦૨૫.- આમુખ-૧ અને આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા સાણંદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અમદાવાદ થી કચ્છ તરફ જતો ફોર લેન વાળો સ્ટેટ હાઈવે નં.૧૭ પસાર થાય છે. સદર હાઈવે ઉપરથી કચ્છ તથા સાણંદ જી.આઈ.ડી.સી. તરફ જતા ભારે વાહનોની સતત અવર-જવર રહે છે. સાણંદ ટાઉન માંથી પસાર થતો રોડ નાનો હોય, છ વ્હીલ કે તેનાથી વધારે વ્હીલ વાળા ભારે વાહનોને સાણંદ ટાઉન વિસ્તારમાં સવારના ૦૮/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે - વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

આમુખ-૩ થી નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાણંદ, તા.સાણંદ, જિ.અમદાવાદ દ્વારા સાણંદ, જિ.અમદાવાદ દ્વારા સાણંદ ટાઉન વિસ્તારમાંથી પસાર થતા અમદાવાદ-માળીયા સ્ટેટ હાઈવે નં. ૧૭ વાળા રોડ પર છ વ્હીલ અથવા તેનાથી વધુ વ્હીલ વાળા ભારે વાહનો (ટ્રક-ટ્રેલર) ના પ્રવેશ પર પ્રતિબંધ મુકી વૈકલ્પિક માર્ગ તરીકે એકલીંગજી સ્કાયલાઈટસ સર્કલ, સાણંદથી ઔડાના બનાવેલ ફોરલેન બાયપાસ રોડ ઉપરથી જીઓ પેટ્રોલપંપ સર્કલ સુધીનો બાયપાસ રોડનો ઉપયોગ કરવામાં વાંધા સરખું નથી તે મુજબનો અભિપ્રાય આપેલ છે.

જેથી સાણંદ ટાઉન વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

સબબ હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ સાણંદ ટાઉન વિસ્તારમાં ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

ભારે વાહનો માટે પ્રતિબંધ જાહેર કરતો માર્ગનું નામ તથા વાહનોના પ્રકાર	વૈકલ્પિક માર્ગ
એકલીંગજી સ્કાયલાઈટસ સર્કલ, સાણંદથી જીઓ પેટ્રોલપંપ સર્કલ સાણંદ સુધીના સાણંદ ટાઉનની અંદરથી પસાર થતા અમદાવાદ માળીયા સ્ટેટ હાઈવે નંબર-૧૭	એકલીંગજી સ્કાયલાઈટસ સર્કલ, સાણંદથી ઔડાના બનાવાયેલ ફોર લેન વાળા બાયપાસ રોડ ઉપરથી જીઓ પેટ્રોલ પંપ સર્કલ સર્કલ સુધી બાયપાસ રોડ
વાળા રોડ ઉપર છ વ્હીલ અથવ તેથી વધુ વ્હીલ વાળા ભારે વાહનો (ટ્રક-ટ્રેલર) ના પ્રવેશ ઉપર પ્રતિબંધ	

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમની તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૮:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા / દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણમાં લીધું :-

(૧) સીનીયર / સેકશન ઈન્જીનીયરશ્રી, ધોળકા ના પત્ર NO : W/350/LC-59/DOK તા.૧૦/૧૧/૨૦૨૫

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના, પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૭૫૮૧/૨૦૨૫ તા.૧૮/૧૧/૨૦૨૫

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો

નં.ડીસી/એમએજી/ડાયવર્ઝન જાહેરનામું/એસ.આર.નં.૨૦૪/૨૦૨૫.- આમુખ-(૧) ના સીનીયર / સેકશન ઈન્જીનીયરશ્રી, ધોળકા ના પત્ર NO : W/350/LC-59/DOK તા.૧૦/૧૧/૨૦૨૫ ના પત્ર થી જણાવેલ ધોળકા-બાવળા થી રેલ્વે ફાટક નં.૫૯ ની આવતી ટ્રેનો સમારકામ કરવા તા.૨૦/૧૧/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ થી રાત્રીના ૨૦:૦૦ વાગ્યા સુધી બંધ કરવા જણાવેલ છે. જે કામે આમુખ-(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના, પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૭૫૮૧/૨૦૨૫ તા.૧૮/૧૧/૨૦૨૫ ના પત્રથી ડાયવર્ઝન માટેનું જાહેરનામું નીચે મુજબ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત કરવાની મળેલ છે.

આથી હું બી.આર.સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૨૦/૧૧/૨૦૨૫ના રોજ તા.૨૦/૧૧/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ થી રાત્રીના ૨૦:૦૦ વાગ્યા સુધી વાહનો માટે નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

તમામ વાહનો માટે હયાત રૂટ	તમામ વાહનો માટે ડાયવર્ઝન રૂટ
ધોળકા-બાવળા રોડ	૧. બાવળાથી આવતા વાહનો ફાટક નં.૫૪ના અંદર પાસથી બાવળા-રાશમ, બદરખા થી ધોળકા તરફ અને ધોળકા થી બાવળા તરફ જતા વાહનો બલાશ ચોકડી-ચિયાડા-રૂપાળ થી બાવળા તરફ જઈ શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.

નં.ડીસી/એમએજી/જાહેરનામાં/ PATHLK/ એસ.આર.નં.૨૦૪/૨૦૨૫.-પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHLK (Program for Analysis of Traveler & Hotel Informatics) હોટેલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના માલિકોએ તેમના ઈન્ટરનેટ કનેકટીવીટી વાળા કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાવી ગ્રાહક રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHLK સોફ્ટવેરમાં કરવા બાબતની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આથી હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડી હુકમ કરૂ છું.

■ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના ના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્સ્ટનેટ ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ એક કોમ્પ્યુટર રાખવુ જેમાં પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHLK (Program for Analysis of Traveler & Hotel Informatics) ઈન્સ્ટોલ કરાવી ગ્રાહક રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHLK સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

વિસ્તાર

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર

શિક્ષા

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સમયગાળો

આ જાહેરનામું આજ તા.૨૬/૧૧/૨૦૨૫ ના ૦૦.૦૦ કલાકથી તા.૨૫/૦૧/૨૦૨૬ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણમાં લીધું :-

(૧) સીનીયર / સેકશન ઈન્જીનીયરશ્રી, ધોળકા ના પત્ર NO : W/350/LC-42/DOK તા.૨૦/૧૧/૨૦૨૫

(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના, પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૭૭૦૩/૨૦૨૫ તા.૨૩/૧૧/૨૦૨૫

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયેનો

નં.ડીસી/એમએજી/ડાયવર્ઝન જાહેરનામું/એસ.આર.નં.૨૦૬/૨૦૨૫.- આમુખ-(૧) ના સીનીયર / સેકશન ઈન્જીનીયરશ્રી, ધોળકા ના પત્ર NO : W/350/LC-42/DOK તા.૨૦/૧૧/૨૦૨૫ ના પત્ર થી જણાવેલ ધોળકા-બાવળા થી રેલ્વે ફાટક નં.42 SPL ની આવતી ટ્રેનો સમારકામ કરવા તા.૨૬/૧૧/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ વાગ્યા સુધી બંધ કરવા જણાવેલ છે. જે કામે આમુખ-(૨) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના, પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૭૭૦૩/૨૦૨૫ તા.૨૩/૧૧/૨૦૨૫ ના પત્રથી ડાયવર્ઝન માટેનું જાહેરનામું નીચે મુજબ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત કરવાની મળેલ છે.

